સંક્ષિપ્ત સમાચાર

ગુજરાત વિધાનસભામાં નવો હોદ્દો મળતાં બુહારીમાં ધારાસભ્યનું સ્વાગત

વાલોડઃ તાપી જિલ્લામાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા દ્વારા સતત વિકાસનાં કામો કરવામાં આવી રહ્યાં છે. જેથી સ્થાનિકો તેમને ખોબે ખોબે મત આપી તેમના પર વિશ્વાસ મૂકી સતત ત્રણ ટર્મથી વિજેતા બનાવી રહ્યા છે. ત્યારે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાને હાલમાં જ ગુજરાત વિધાનસભા અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિના અધ્યક્ષ તરીકેને નવી જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ સ્થાનિકોના પ્રશ્ન અવારનવાર વિધાનસભામાં પણ રજૂ કરતા હોય છે અને તેમની રજૂઆતને પાર્ટી દ્વારા ધ્યાને લઈ ત્વરિત કામગીરી પણ કરવામાં આવતી હોય છે. જેને પગલે ગતરોજ સાંજે સાત વાગ્યે બુહારી ચાર રસ્તા આદિવાસી એક્તા સર્કલ નજીક મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહી ધારાસભ્ય તેમજ તાપી જિલ્લા પંચાયત ભાજપના પ્રમુખ ચંચળબેન ચૌધરીનું ફટાકડા તેમજ આતશબાજી ફોડી ફૂલહાર પહેરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના આગેવાન ઉદયભાઇ દેસાઇ, કર્ણ દેસાઇ, વિનીત દેસાઇ, મહામંત્રી પરિમલસિંહ સોલંકી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

કડોદની ઐતિહાસિક લાઇબ્રેરી સરકારી અધિકારી બનાવવાનું નિ:શુલ્ક કેન્દ્ર બનશે

કેતન પટેલ

કડોદઃ તાપી નદીના સુંદર તટ પર આવેલી ઐતિહાસિક લાઇબ્રેરીમાં કડોદ અને આજુબાજુના ગામડાંના શિક્ષિત યુવાનોને સરકારી અધિકારી બનાવવાની દિશામાં ચક્રો ગતિમાન થયાં છે. કડોદના વતની અને હાલ અમેરિકા સ્થાયી થયેલા હિતેશભાઇ હસમુખલાલ શાહના સંપૂર્ણ સહયોગથી આ અનોખો સેવા યજ્ઞ શરૂ કરાયો છે. આ પ્રોજેક્ટમાં યુવાનોના કારકિર્દી ઘડતરમાં સફળ થયેલા નાની ભટલાવ ગામના યુવા સરપંચ અંકિતભાઈ ચૌધરીનું વિશેષ માર્ગદર્શન મળી રહ્યું છે. આ કેન્દ્રમાં ભારત અને ગુજરાત સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેના જરૂરી પુસ્તકો નિ:શુલ્ક ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત, ડિજિટલ યુગને અનુરૂપ કોમ્પ્યુટર અને વાઇફાઇ જેવી આધુનિક સુવિધાઓ પણ મળશે. શ્રી કડોદ વિભાગ સાર્વજનિક પુસ્તકાલય અને વાચનાલયના પ્રમુખ ઘનશ્યામભાઈ ગાંધી તથા મંત્રી ધર્મેશભાઈ મોદી આ ભગીરથ કાર્યમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે. આ સુવિધાનો લાભ લેવા ઈચ્છતા ઉમેદવારોએ યુવા અગ્રણી કુશ જોષી અથવા નિલેશભાઈ પારેખનો સત્વરે સંપર્ક કરવો.

કાસલા બુજરંગમાં ટેમ્પો અને બાઇક વચ્ચે અકસ્માત, એકનું મોત

સાયણ: વેલુક ગામના હળપતિવાસમાં રહેતા અશ્વિન દિનેશ રાઠોડ (ઉ.વ.૨૦) અને શુભમ કાળીદાસ રાઠોડ અટોદરાની એક ટેક્સટાઇલ કંપનીમાં મજૂરીકામ કરતા હતા. મંગળવારે સવારે આશરે ૭:૪૦ વાગ્યે બંને યુવકો મોટરસાઇકલ નં.(જીજે-૦૫,ટી.બી-૩૦૬૫) પર નોકરી જવા નીકળ્યા હતા. શુભમ બાઇક ચલાવી રહ્યો હતો અને અશ્વિન પાછળ બેઠો હતો. બંને જ્યારે કાસલા બુજરંગ ગામની સીમમાં કોરલ ફાર્મ પાસેના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી પૂરઝડપે આવતા ટાટા પિકઅપ ટેમ્પો નં.(જીજે-૦૧,સી.વાય-૦૬૪૪) ના ચાલકે મોટરસાઇકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંને યુવકો રોડ પર પટકાયા હતા. અશ્વિનને પગના ભાગે ફ્રેક્ચર અને શરીરે ગંભીર જીવલેણ ઇજા પહોંચતાં મોત નીપજ્યું હતું. જ્યારે ઇજાગ્રસ્ત શુભમને વધુ સારવાર અર્થે સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

માંડવીમાં અકસ્માત કરી ભાગી છૂટનાર કારચાલકની ધરપકડ

હિતેશ પટેલ

માંડવીઃ માંડવી-ઝંખવાવ રોડ પર અંધાત્રી ગામના ૬૫ વર્ષીય વૃદ્ધ મકનાભાઇ ચૌધરી ચાલતા જઈ રહ્યા હતા, ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે તેમને અડફેટમાં લીધા હતા. આ અકસ્માતમાં માથામાં ગંભીર ઇજાઓ થવાને કારણે સારવાર દરમિયાન વૃદ્ધનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો, જે અંગે માંડવી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આથી પોલીસ ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે અકસ્માત સર્જનાર મારુતિ સ્વિફ્ટ કાર નં.(GJ-16-BG-4163)ને શોધી કાઢી તેના ચાલક દિલીપભાઇ બુધીયાભાઇ વસાવા (રહે.,ઉમરપાડા)ની ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

તિલકવાડા ઘાટ ખાતે મોકડ્રિલ યોજાઈ

દીપલ સોની

રાજપીપળાઃ નર્મદા જિલ્લાના તિલકવાડા ઘાટ ખાતે મંગળવારે સાંજે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા એક મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. ચોમાસા પૂર્વેની તૈયારીના ભાગરૂપે યોજાયેલી આ Mock Exerciseમાં પૂરની કટોકટી ભરી સ્થિતિ વચ્ચે ફસાયેલા લોકોને ત્વરિત અને સુરક્ષિત બહાર કાઢવાની બચાવ કામગીરીનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આપત્તિ સમયે વિવિધ તંત્રો વચ્ચે યોગ્ય સંકલન જળવાય તે હેતુથી આ સફળ આયોજન કરાયું હતું.

ભરૂચમાં નવો પેવર બ્લોક ઉખાડી ગટર લાઈન નાંખતાં ઉગ્ર વિરોધ

મીડિયાના અહેવાલ બાદ વહીવટી તંત્ર હરકતમાં

ભરૂચઃ ભરૂચ શહેરના વોર્ડ નંબર ૪માં આવેલ આલી કાછીયાવાડ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા તાજેતરમાં જ પેવર બ્લોક બેસાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જો કે, આ રોડ પૂર્ણ થતાં જ ફરીથી રોડ ઉખાડીને ગટર લાઈન નાંખવાની કામગીરી હાથ ધરાતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે.

સ્થાનિકોનું કહેવું છે કે, નવો રોડ બનાવવા માટે નાગરિકોના કરના નાણાંનો વ્યય થયો, અને હવે થોડા જ દિવસોમાં રોડ તોડીને ફરી કામ કરવામાં આવી રહ્યું છે, જે સંપૂર્ણપણે બેજવાબદારી સમાન છે. વિસ્તારના રહીશો સાથે સ્થાનિક કોર્પોરેટર જિગ્નેશ બ્રહ્મભટ્ટે પણ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે પાલિકાના કામકાજની પદ્ધતિ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

આ સમગ્ર મામલો મીડિયામાં પ્રસારિત થતાં જ નગરપાલિકાનું વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. લાંબા સમયથી અટકેલી ગટરની કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરાવી, કોન્ટ્રાક્ટર દ્વારા રાતોરાત પૂર્ણ કરવામાં આવી છે. કોર્પોરેટર જિગ્નેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, "મીડિયાના અહેવાલ બાદ જ પાલિકા તંત્ર જાગૃત બન્યું છે. જો મીડિયાએ આ મુદ્દો ઉઠાવ્યો ન હોત, તો કદાચ અટકેલી ગટરનું કામ અટક્યું જ રહેત. હવે હું માંગ કરું છું કે, પાલિકાની બેદરકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવે, અને રોડના થયેલા નુકસાનની રકમ કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલ કરવામાં આવે." સ્થાનિકોએ માંગ કરી છે કે, ભવિષ્યમાં કોઈ પણ વિકાસ કામગીરી શરૂ કરતાં પહેલાં તમામ ભૂગર્ભ સુવિધાઓ એકસાથે હાથ ધરવામાં આવે.

નર્મદા નદીમાં રબર બોટનું સફળ ટેસ્ટિંગ

રાજપીપળાઃ નર્મદા નદીમાં રબર બોટનું સફળ ટેસ્ટિંગ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે આપત્તિ સમયે ઉપયોગી બની શકે તેવી ખાતરી કરાઈ હતી. નર્મદા જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ, નદી-તળાવો અને ડુંગરાળ વિસ્તારોને ધ્યાનમાં રાખીને આગામી ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિજનક પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા કલેક્ટર ગંગા સિંગના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA), ગાંધીનગર દ્વારા નર્મદા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (DEOC)ને એક રબર બોટ ફાળવવામાં આવી છે. જેનું સફળ ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ટેસ્ટિંગ દરમિયાન બોટની તકનિકી કામગીરી, એન્જિનની સ્થિતિ, પાણીમાં સંચાલન ક્ષમતા, સુરક્ષા સાધનો તથા આપત્તિ સમયે ઉપયોગી બની શકે તેવી તમામ બાબતોની ખાતરી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બોટ સંપૂર્ણ કાર્યરત હાલતમાં હોવાનું નિર્ધારિત થયું હતું.

પલસાણામાં ઉધારીના પાનમાવા બાબતે દુકાનદાર ઉપર હુમલો

લોખંડના રોડ અને લાકડી વડે હુમલો કરતાં ચાર સામે ગુનો દાખલ થયો

પલસાણાઃ મૂળ બિહારના અને હાલ પલસાણામાં રહીને દુકાન ચલાવતા ધીરેન્દ્રકુમાર યાદવ (ઉ.વ.૨૯) ગત ૨૪ મે ૨૦૨૬ના રોજ રાત્રે પોતાની દુકાને હતા, ત્યારે સામે રહેતા આશિષ ઉર્ફે બાબુ ગુપ્તા ત્યાં આવ્યા હતા. બાબુ ગુપ્તાએ જણાવ્યું કે, સાહિલ નામનો યુવક તેમની દુકાનમાંથી રૂ.૩,૦૦૦ ના પાન-માવા ઉધાર ખાઈ ગયો છે. સાહિલ આ જ બિલ્ડિંગમાં રહેતો હોવાથી તે પૈસા ધીરેન્દ્રકુમારે ચૂકવવા પડશે તેવી બાબુ ગુપ્તાએ જીદ પકડી હતી. ધીરેન્દ્રકુમારે ઇનકાર કરતાં બાબુ ગુપ્તા ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. આ દરમિયાન બાબુ ગુપ્તાના બે દીકરાઓ અંશુ અને સુધાંશુ તથા તેમનો મિત્ર નીતીશ ચૌહાણ ગાડી લઈને ત્યાં આવી પહોંચ્યા હતા. આ ચારેય જણાએ ગાડીમાંથી લાકડીના દંડા અને લોખંડના રોડ કાઢી ધીરેન્દ્રકુમાર પર અચાનક હુમલો કરી દીધો હતો, જેમાં તેઓ નીચે ઢળી પડ્યા હતા. હુમલાખોરોએ દુકાનમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ભોગ બનનારને ડાબા હાથે અને જમણા પગે ગંભીર ફ્રેક્ચર થતાં ચલથાણની સંજીવની હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસે આશિષ ગુપ્તા, અંશુ, સુધાંશુ અને નીતીશ ચૌહાણ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. ચન્દ્રદીપ પાટીલને સોંપી છે.

સુરત ગ્રામ્યમાં મોબાઈલ સ્નેચિંગ કરતો રીઢો ગુનેગાર ઝડપાયો

પલસાણાઃ પલસાણા પોલીસે રીઢા ગુનેગારને ચોરાયેલા મોબાઈલ અને ગુનામાં વપરાયેલી ઓટો રિક્ષા સાથે ઝડપી પાડ્યો હતો. પલસાણા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે એક રીઢા ગુનેગારને ચોરાયેલા મોબાઈલ અને ઓટો રિક્ષા સાથે ઝડપી પાડ્યો છે. ૨૪ મેના રોજ ઈટાળવામાં સર્વોત્તમ હોટલ સામે વોચ ગોઠવી પોલીસે શંકાસ્પદ રિક્ષા રોકી તપાસ કરતા આરોપી મોહમદ તોફીક ઉસ્માનભાઈ રાઉમા (ઉ.૨૮, રહે. સુરત) પાસેથી ચોરાયેલો ફોન મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ. ૧૦,૦૦૦નો મોબાઈલ અને ગુનામાં વપરાયેલી રૂ. ૫૦,૦૦૦ની ઓટો રિક્ષા મળી કુલ રૂ. ૬૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આરોપી રીઢો ગુનેગાર છે અને અગાઉ સુરતના રાંદેર, અઠવાલાઈન્સ તથા અમરોલી પોલીસ સ્ટેશનોમાં તેની સામે ગુના નોંધાઈ ચૂક્યા છે, તેમજ ભૂતકાળમાં તેની સામે 'પાસા' હેઠળ પણ કાર્યવાહી થયેલી છે. હાલ પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પલસાણાની અવધ સાંગ્રીલા સોસાયટીમાં તસ્કરોનો તરખાટ

બે બંધ બંગલામાંથી રૂ.25.27 લાખની મતા સાફ કરી ગયા

ચુસ્ત સુરક્ષા વચ્ચે 'અવધ સાંગ્રીલા'માં ચોરી થતાં ચકચાર

પલસાણાઃ બલેશ્વર ગામની સીમમાં આવેલી લક્ઝુરિયસ 'અવધ સાંગ્રીલા' સોસાયટીમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પણ અજાણ્યા ચોરોએ બે બંધ બંગલાને નિશાન બનાવી કુલ ૨૫,૨૭,૬૮૧ની મતાની ચોરી કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પલસાણા પોલીસે આ અંગે બે અલગ-અલગ એફ.આઈ.આર. નોંધી તપાસ હાથ ધરી છે.

ચોરીની પ્રથમ ઘટનામાં માઉન્ટ લીટેરા જી સ્કૂલના માલિક રાજીવ રાજેન્દ્ર સિંહ (બંગલા નં.૮૧) ગત તા.૨૩ મેના રોજ પરિવાર સાથે સુરત ખાતેના બીજા ઘરે ગયા હતા. આ દરમિયાન ચોરોએ ફર્સ્ટ ફ્લોરની બારીની લોખંડની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો તિજોરીમાંથી ૨૧ જેટલી સોનાની આઇટમો (ચેઇન, બ્રેસલેટ, ડાયમંડ-ગોલ્ડ નેકલેસ, મંગળસૂત્ર) જેની કિંમત ૧૭,૯૭,૬૮૧ અને રોકડા ૭ લાખ મળી કુલ ૨૪,૯૭,૬૮૧ની મતા ચોરી ફરાર થઈ ગયા હતા. આ મામલે પી.આઈ. ભગવાન દેવદાન જીલેરિયા તપાસ ચલાવી રહ્યા છે.

બીજી ઘટનામાં કડોદરાની જય ભારત મિલના ડાઈંગ માસ્ટર રામનિવાસ દુલીચંદ પુનીયાના બંધ બંગલા નં.૧૬૮ને નિશાન બનાવાયો હતો. ૧૩ મેથી ૨૪ મે દરમિયાન તસ્કરોએ બારીની ગ્રીલનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તેઓ ઘરના હોલ અને બેડરૂમની અલમારીઓમાંથી ૪૦ ઈંચનું ટીવી, સ્પીકર, જેગુઆરના નળ, એસીની સર્કિટ અને ગેસ બર્નર સહિત કુલ ૩૦,૦૦૦ની ઘરવખરી ચોરી ગયા હતા. આ ગુનાની તપાસ પી.એસ.આઈ. કમલેશભાઈ ચૌધરી કરી રહ્યા છે. પલસાણા પોલીસે ગુનો નોંધી, સોસાયટીના સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તસ્કરોને પકડવા અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

વેલદામાં બાઈક અકસ્માતમાં યુવતીનું મોત, બે ઈજાગ્રસ્ત

ગાંધીનગર ફળિયા પાસેથી પસાર થતા નિઝર-ઉચ્છલ સ્ટેટ હાઇવે પર બનેલી ઘટના

કુકરમુંડાઃ નિઝર તાલુકામાં નિઝર-ઉચ્છલ સ્ટેટ હાઈવે પર થયેલા બાઈક અકસ્માતમાં એક યુવતીનું મોત નીપજ્યું હતું. જ્યારે બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થઈ હતી. આ બનાવ અંગે નિઝર પોલીસ સ્ટેશનમાં બાઈક ચાલક સામે ગુનો નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ તા.25 મે-2026ના રોજ બપોરે આશરે 1 વાગ્યાના સુમારે વેલદા ગામના ગાંધીનગર ફળિયા પાસેથી પસાર થતા નિઝર-ઉચ્છલ સ્ટેટ હાઈવે રોડ પર ડ્યુક મોટરસાઈકલ નં.(MH-46-CG-6929ના ચાલક પંકજભાઈ રાજેસિંગભાઈ વળવી (રહે., સાવર હાવલી, તા.તળોદા, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર)એ બાઈક પૂરઝડપે હંકારી રોડ ક્રોસ કરી રહેલા ફરિયાદીના પિતા રાયસિંગભાઈ શંકરભાઈ પટલે (રહે.,બેડવાણી ગામ, વેરીમાળપાડા ફળિયા, પોસ્ટ-ચીનોદા, તા.તળોદા) ને અડફેટે લીધા હતા. અકસ્માતમાં રાયસિંગભાઈને માથા તેમજ ડાબા પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માત સમયે બાઈક પર પાછળ બેઠેલી વૈશાલીબેન આરશીભાઈ રૂમાભાઈ પાડવી (ઉં.વ.20) (રહે., દેવમોગરા નગર, નવી વસાહત, પોસ્ટ-આમલી, તા.અક્કલકૂવા, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર)ને ગંભીર ઇજા પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર બાઈક ચાલક પંકજભાઈ વળવીને પણ શરીરે ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ગણેશભાઈ રાયસિંગભાઈ પટલે (ઉં.વ.24) (રહે., બેડવાણી)એ નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફૂલવાડીમાં કોન્સ્ટેબલે બે વર્ષથી ખેતરનો રસ્તો બંધ કરી દીધો!

કોન્સ્ટેબલ જીગ્નેશ નાયકા વિરુદ્ધ એસપીને લેખિત રજૂઆત

વ્યારાઃ ઉચ્છલના ફૂલવાડી ફળિયામાં રહેતા મહિલા ખેડૂત બિન્દુબેન ધીરજભાઈ ગામીતના ખેતરે જવા માટે વર્ષોથી ઉપયોગમાં લેવાતા રસ્તા પર ઉચ્છલ પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ જીગ્નેશ રાજુભાઈ નાયકા (ઉં.વ.35) એ ગેરકાયદે કબજો જમાવી રાખ્યો છે અને પોતાની માલિકીની જગ્યા પણ ન હોવા છતાં કોન્સ્ટેબલ જીગ્નેશ નાયકા છેલ્લાં બે વર્ષથી આદિવાસી મહિલા ખેડૂતને પોતાના ખેતરમાં અવરજવર માટેનાં રસ્તા ઉપર અવરોધ ઊભો કરી ઝઘડો કરે છે. રસ્તા મુદ્દે મહિલા ખેડૂતે ગતરોજ તાપી એસપીને લેખિત રજૂઆત કરી હતી અને કોન્સ્ટેબલ સામે કાર્યવાહી કરવા સહિત ન્યાયની માંગ કરી છે. આ મુદ્દે અગાઉ ઉચ્છલ પોલીસ મથકે પણ રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય કાર્યવાહી ન થતાં મહિલા ખેડૂતે તાપી જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ ન્યાય માટે ગુહાર લગાવી છે. ખેડૂતનું કહેવું છે કે રસ્તો બંધ થતાં ખેતી માટેનાં વાહનો, ખાતર અને કૃષિ સાધનો ખેતર સુધી લઈ જવામાં મુશ્કેલી પડી રહી છે. સાથે જ પરિવારને માનસિક અને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વિરપોર નજીક બાઇક ઝાડ સાથે અથડાતાં જેસીંગપુરાના યુવાનનું મોત

વાલોડઃ વાલોડના વિરપોર ગામ પાસે સર્જાયેલા અકસ્માતમાં વ્યારાના જેસિંગપુરાના યુવાનનું મોત નીપજ્યું છે. જેસિંગપુરાના નાનાપાડા ફળિયામાં રહેતો બે સંતાનનો પિતા રોહન મુકેશભાઇ ચૌધરી તેના મિત્રની બુલેટ બાઇક લઈ ટ્રેક્ટરમાં લાકડાં કપાવવા બુહારી ગયો હતો. લાકડાં કપાવી પરત ફરતી વખતે વાલોડના વિરપોર નજીક રોહને બાઇક પરથી કાબૂ ગુમાવ્યો હતો. બુલેટ રોડ સાઇડના ઝાડ ફરતે આવેલી લોખંડની જાળી સાથે જોરદાર ભટકાતાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેને ગડત સરકારી હોસ્પિટલમાં ખસેડાતાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

તાપીમાં રેતીખનન મુદ્દે પ્રજાની રસ્તા રોકો આંદોલનની ચીમકી

ફૂલવાડીમાં ગેરકાયદે ખનન કરનારા રેતી માફિયાઓ સામે કાર્યવાહી ન થતાં ઉચ્ચ અધિકારીઓને આવેદન

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાના ફૂલવાડી ગ્રામ પંચાયત વિસ્તારમાં ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન મુદ્દે સામાજિક આગેવાનો, ખેડૂતો તથા ગ્રામજનોએ ભૂસ્તર કમિશનર ગાંધીનગર, જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિક્ષક તાપી તથા પ્રાંત અધિકારી નિઝરને કુકરમુંડા મામલતદાર મારફતે આવેદન પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આવેદનમાં જણાવાયું છે કે જૂના કુકરમુંડા, ગોરાસા અને કોન્દ્રોજ ગામની તાપી નદી પટ વિસ્તારમાં સરકારની મંજૂરી વગર રાત-દિવસ પોકલેન મશીન, JCB, હોડીઓ અને બાઝ ફાઈબર દ્વારા ગેરકાયદે રેતીખનન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક વહીવટી તંત્ર અને ભૂસ્તર વિભાગના કેટલાક અધિકારીઓની રહેમ નજર હેઠળ રેતી માફિયાઓ બેફામ રીતે રેતી ચોરી કરતા હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આવેદન મુજબ તા.15 મે 2026ના રોજ રોયલ્ટી પાસ વગર ઓવરલોડ રેતી ભરેલા ટ્રક નં.(NL-06-AA-2121) દ્વારા પાટી ગામના યુવાન ખેડૂત રામકૃષ્ણ પ્રતાપ વળવીનું અકસ્માતમાં મોત નીપજ્યું હતું. ત્યારબાદ તા.24 મે 2026ના રોજ કોન્દ્રોજ ગામ નજીક ગેરકાયદે રેતી ભરેલા ડમ્પર નં.(GJ-26-U-2864એ વેલદા ટાંકી તરફ જતા સમયે બાઈક સવાર અક્કલકૂવાના તાહિર અન્સારીને અડફેટે લેતાં તેમનું ઘટના સ્થળે મોત થયું હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઘટનામાં ડમ્પર ચાલક અકસ્માત બાદ ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકો દ્વારા ડમ્પરના ફોટા મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યા હોવા છતાં, નિઝર પોલીસ દ્વારા અકસ્માતને રિક્ષા દ્વારા થયેલો બતાવી આરોપીઓને બચાવવાનો પ્રયાસ થયો હોવાના આક્ષેપો પણ આવેદનમાં કરવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાની તાપી એલસીબી મારફતે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. રેતીખનન બંધ ન થાય તો આગામી તા.1 જૂન-2026ના રોજ "જનતા રેડ" તેમજ રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

અંકલેશ્વરમાં ગાય માતાને રાષ્ટ્રીય પશુ જાહેર કરવા મુસ્લિમ સમાજની માંગ

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા ગાય માતાને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગ સાથે મૌન પ્રદર્શન યોજાયું હતું. બકરી ઈદ પૂર્વે યોજાયેલા આ કાર્યક્રમમાં મુસ્લિમ બિરાદરો સાથે હિન્દુ આગેવાનો પણ જોડાયા હતા. પ્રદર્શન બાદ મામલતદારને આવેદન પાઠવી ગૌસંરક્ષણ માટે પગલાંની માંગ કરી હતી.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સુધારો

તા. ૨૬/૦૫/૨૦૨૬ ના ગુજરાતમિત્ર, ભરૂચ આવૃત્તિમાં છપાયેલ બેંકની સરફેસી એક્ટ ૨૦૦૨ ધારા ૧૩(૨)ની નોટીસમાં દેવાદારો શ્રી હેમન કીરીટભાઈ ઠાકોરે અને રીંકલ હેમન ઠાકોરેની નોટીસમાં લોન એકાઉન્ટ નં. ૧૧૯૩૪૩૭૯૮ ભુલ અને શરત ચુક થી છપાયેલ જે સાચો નંબર ૧૧૯૩૪૩૭૯૭ સુધારીને વાંચવુ.

તારીખ : ૨૬/૦૫/૨૦૨૬
સ્થળ : ભરૂચ, ગુજરાત
સહિ/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ.અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)

Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 04:00pm, 10:00pm
Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm
Bhooth Bangla - 12:00pm
Dhabkaaro-Gujarati
07:00pm
Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૦૧/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬

વાદી :- પુષ્પાબેન તે મંગાભાઈ વસાવાની પુત્રી અને શૈલેષભાઈ લાહીયાની પત્ની, રહે.ઓમ રેસીડેન્સી, કૃષ્ણનગર, કામરેજ, તા.કામરેજ, જી.સુરત-૩૯૪૧૮૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાની પારડી ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી પુષ્પાબેન તે મંગાભાઈ વસાવાની પુત્રી અને શૈલેષભાઈ લાહીયાની પત્ની, રહે.ઓમ રેસીડેન્સી, કૃષ્ણનગર, કામરેજ, તા.કામરેજ, જી.સુરત-૩૯૪૧૮૦એ તેઓના પોતે પુષ્પાબેન મંગાભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: પુષ્પાબેન મંગાભાઈ વસાવા ૨. જન્મ તારીખ: ૨૦/૦૭/૧૯૯૧ ૩. જન્મનું સ્થળ: મોજે.નાની પારડી, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે પુષ્પાબેન મંગાભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૬/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - શ્રી એસ.એમ.વાઘાણી, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ડોલવણની કોર્ટમાં
કેસ નં.૬૭/૨૦૨૬
અરજદાર: નામ:-અનામિકાબેન રમેશભાઈ કોકણી, રહે:-બેસનીયા (નિચલુ ફળીયુ)
વિરૂધ્ધ
સામાવાળા: નામ:-ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત, બેસનીયા રહે:-બેસનીયા
જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, અર્સલાન અનામિકાબેન કોકણીનું જન્મ તા.૦૨/૦૪/૨૦૧૬ ના રોજ મોજે.બેસનીયા તા.ડોલવણ જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.
પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત, બેસનીયાના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત, બેસનીયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ત.ક.મંત્રીશ્રી ગ્રામપંચાયત, બેસનીયા કચેરી બેસનીયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.
આજ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (એસ.એમ.વાઘાણી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ડોલવણ જિ.તાપી

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૦૨/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬

વાદી :- કિંજલબેન તે મંગાભાઈ વસાવાની પુત્રી અને સ્નેહલકુમાર પટેલની પત્ની, રહે. ફ્લેટ નં.બી-૧, આર-૩૦૪, સૌરાષ્ટ્ર રેસીડેન્સી, પાસોદરા, તા.કામરેજ, જી.સુરત- ૩૯૫૦૦૮.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાની પારડી ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કિંજલબેન તે મંગાભાઈ વસાવાની પુત્રી અને સ્નેહલકુમાર પટેલની પત્ની, રહે.ફ્લેટ નં.બી-૧, આર-૩૦૪, સૌરાષ્ટ્ર રેસીડેન્સી, પાસોદરા, તા.કામરેજ, જી.સુરત-૩૯૫૦૦૮એ તેઓના પોતે કિંજલબેન મંગાભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: કિંજલબેન મંગાભાઈ વસાવા ૨. જન્મ તારીખ: ૧૪/૦૯/૧૯૮૮ ૩. જન્મનું સ્થળ: મોજે.નાની પારડી, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે કિંજલબેન મંગાભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૬/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૮/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- અર્પિતાબેન સિકંદરભાઇ ચૌધરી, રહે.નરેણ, મોટુ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી પાતલ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૬૩
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અર્પિતાબેન સિકંદરભાઇ ચૌધરી, રહે.નરેણ, મોટુ ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૩એ તેઓના દાદા ટેટીઆભાઇ નકટીઆભાઇ ગામીતનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ટેટીઆભાઇ નકટીઆભાઇ ગામીત ૨. મરણ તારીખ: ૨૯/૦૭/૨૦૧૪ ૩. મરણનું સ્થળ: મોજે.પાતલ, તા.અરેઠ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ટેટીઆભાઇ નકટીઆભાઇ ગામીતના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત